| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010040032023<br>11202056230184 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૦૧/૧૧/૨૦૨૩ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૦૧/૧૧/૨૦૨૩ | | |
| | | ફેસલ તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૨ | ૦૭ | ૧૮ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## <u>ફોર્મ–એ</u>

| | |
|---|---|
| **જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**<br>**ચુકાદા તારીખ:૧૯/૦૬/૨૦૨૬**<br>**સ્પે. (પોક્સો) કેસ નં. ૫૪/૨૦૨૩**<br>**આંક–૧૧૫**<br>(કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩) | |
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી એમ.પી.જાની** |
| **આરોપી** | **કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીયાભાઇ જહરીયાભાઇ બઘેલ,**<br>ઉ.વ.૨૦, ધંધો: ખેતમજૂરી,<br>રે. હાલ હળતાલા ગામ, નરશીભાઇ પટેલની વાડીમાં, તા.બાબરા, જિ.અમરેલી<br>મુળ રહે. મોટા ઉમરગામ, સીચાણા ફળીયુ, તા.જોબટ, જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **ઝેડ.બી.પરમાર** |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૮/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૭/૧૦/૨૦૨૩ |

| | |
|---|---|
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૧/૦૭/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆત | ૨૫/૦૯/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | --- |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ-૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીયાભાઇ જહરીયાભાઇ બધેલ, | ૧૫/૦૯/૨૦૨૩ | ૦૧/૦૪/૨૦૨૪ | આઇ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન),૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૪,૬ | નિર્દોષ | ના | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010032232024<br>11202056230184 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૨૯/૦૮/૨૦૨૪ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૨૯/૦૮/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૧ | ૦૯ | ૨૧ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી-૨૦૦૧-૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ-એ

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૧૯/૦૬/૨૦૨૬**
**સ્પે. (પોક્સો) કેસ નં. ૪૭/૨૦૨૪**
**આંક-**

(કાલાવગ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ | **શ્રી એમ.પી.જાની** |

| | |
|---|---|
| પબ્લિક પ્રોસીક્યુટર. | |
| **આરોપી** | **જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા,**<br>ઉ.વ.૩૨, ધંધો: મજૂરી,<br>રે. વાવડી ફળીયુ, ગહવનગામ,<br>તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્ધાન વકીલ | **ઝેડ.બી.પરમાર** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૮/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૦૮/૨૦૨૪ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૦૪/૧૦/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆત | ૨૫/૦૯/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | ૧૯/૦૬/૨૦૨૬ |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જાલુ સ.ઓ. કનસીંગ ભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા | ૧૬/૦૭/૨૦૨૪ | જેલમાં | આઇ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન),૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ–૪,૬ | દોષિત | આખરી હુકમ મુજબ | |

| GJJM010001682025 | | દાખલ તારીખ | : | ૧૬/૦૧/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|---|
| 11202056230184 | સત્યમેવ જયતે | નોંધ્યા તારીખ | : | ૧૬/૦૧/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૧ | ૦૫ | ૦૩ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૧૯/૦૬/૨૦૨૬**
**સ્પે. (પોક્સો) કેસ નં. ૦૪/૨૦૨૫**
**આંક–**

(કાલાવગ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી એમ.પી.જાની** |
| **આરોપી** | **વિમલા સ.ઓ. વેસ્તાભાઈ વાસકેલ,**<br>ઉ.વ.૨૭, ધંધો: મજૂરી,<br>રે. મોહનીયા ફળીયુ, ગહવણગામ,<br>તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **આર.વી.રાવલ** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૮/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૦૧/૨૦૨૫ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત | ૨૫/૦૯/૨૦૨૪ |

| | |
|---|---|
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | ૧૯/૦૬/૨૦૨૬ |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ-૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ | ૨૮/૧૧/૨૦૨૪ | જેલમાં | આઇ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન),૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૪,૬ | દોષિત | આખરી હુકમ મુજબ | |

## ફોર્મ -સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

## (એ) ફરિયાદપક્ષ તરફે :-

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | આ કામના ભોગ બનનાર | ૧૭ |
| ૨. | ડો.નવીન બદ્રીપ્રસાદ દુબે | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસ્કલે તથા ભોગ બનનારના મેડિકલ સેમ્પલ લેનાર | ૩૩ |
| ૩. | ડો.સમરા મોહમદઅમીન સૈયદ | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર | ૩૯ |
| ૪. | ભોગ બનનારના પિતા | ફરિયાદી | ૪૬ |
| ૫. | હિરલબેન વશરામભાઇ પટેલ | ફરિયાદ લેનાર | ૫૦ |
| ૬. | વિનોદ કાનજીભાઇ હરસાણી | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૫૭ |
| ૭. | રીટાબેન મનસુખભાઇ ભાલાળા | આરોપી કૈલાશ કનીયાભાઇ બઘેલનુ શરીર સ્થિતિ, અટક કર્યા અંગે તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના | ૫૯ |

| | | | |
|---|---|---|---|
| | | પંચ સાહેદ | |
| ૮. | સાગર કાંતિલાલ જોષી | આરોપી વિમલા સ.ઓ. વેસતાભાઇ વાસકેલ એ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૬૨ |
| ૯. | દિવ્યાંગ ખાનસીંગભાઇ ચૌધરી | તપાસ કરનાર અમલદાર | ૬૯ |
| ૧૦. | પાતાલસિંગ વેસ્તા ગુથોરીયા | સચિવ મંત્રી | ૭૨ |
| ૧૧. | અલ્પેશકુમાર રાયસંગભાઇ ચૌધરી | તપાસ કરનાર અમલદાર | ૭૬ |
| ૧૨. | મીતલકુમાર બંસીભાઇ ગજ્જર | તપાસ કરનાર અમલદાર | ૮૭ |
| ૧૩. | નિખિલકુમાર બાબુભાઇ ડાભી | તપાસ કરનાર અમલદાર | ૧૦૫ |

**ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૮ |
| ૨. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૩૪ |
| ૩. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલના એમ.એલ.સી. કેસ પેપર | ૩૫ |
| ૪. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવા મેડિકલ ઓફિસર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, કાલાવડને કરેલ યાદી | ૩૬ |
| ૫. | ભોગ બનનારનું સેમ્પલ કલેક્શન ફોર્મ | ૩૭ |
| ૬. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવા મેડિકલ ઓફિસર, જી.જી.હોસ્પિટલ, જામનગરને કરેલ યાદી | ૪૦ |
| ૭. | ભોગ બનનારની શારીરિક તપાસણી કર્યાનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૪૧ |
| ૮. | ભોગ બનનારના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૪૨ |
| ૯. | ભોગ બનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૪૩ |
| ૧૦. | ફરિયાદ | ૪૭ |
| ૧૧. | ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૪૮ |
| ૧૨. | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૪૯ |
| ૧૩. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ | ૫૧ |
| ૧૪. | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી | ૫૨ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૫૩ |
| ૧૬. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૫૪ |

| | | |
|---|---|---|
| ૧૭. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૫૮ |
| ૧૮. | આરોપી કૈલાશ કનીયાભાઇ બઘેલની શરીર સ્થિતિ, અટક કર્યાનુ તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૬૦ |
| ૧૯. | આરોપી કૈલાશ કનીયાભાઇ બઘેલે બનાવ સમયે પહેરેલ કપડા મુદ્દામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૧ |
| ૨૦. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલને અટક કર્યાનું તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૬૩ |
| ૨૧. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલે બનાવ સમયે પહેરેલ કપડા મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૪ |
| ૨૨. | આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયાની શરીર સ્થિતિ, અટક કર્યાનું તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૬૫ |
| ૨૩. | બહારના રાજ્યમાં તપાસમાં જવા મંજૂરી આપવા અંગેની યાદી | ૭૦ |
| ૨૪. | બહારના રાજ્યમાં તપાસમાં જવા મંજૂરી આપ્યા અંગેનો હુકમ | ૭૧ |
| ૨૫. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૭૩ |
| ૨૬. | જન્મ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ | ૭૪ |
| ૨૭. | તપાસના કામે સરકારી પંચો ફાળવવાની યાદી | ૭૭ |
| ૨૮. | તપાસના કામે સરકારી પંચો ફાળવ્યા અંગેનો હુકમ | ૭૮ |
| ૨૯. | આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયાને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૭૯ |
| ૩૦. | આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયાની મેડિકલ તપાસણી કરી સેમ્પલ આપવાની યાદી | ૮૦ |
| ૩૧. | મેડિકલ ઓફિસર, સી.એચ.સી. કાલાવડ દ્વારા આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયાની મેડિકલ તપાસણી કરી સેમ્પલ કલેક્ટ કર્યા અંગેની યાદી | ૮૧ |
| ૩૨. | એફ.એસ.એલ., રાજકોટને મુદ્દામાલ પૃથ્થકરણ કરવા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૮૨ |
| ૩૩. | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૮૩ |
| ૩૪. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૮૪ |
| ૩૫. | એફ.એસ.એલ., રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૮૫ |
| ૩૬. | બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૮૬ |
| ૩૭. | તપાસના કામે સરકારી પંચ ફાળવવાની યાદી | ૮૮ થી ૯૦ |

| | | |
|---|---|---|
| ૩૮. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નિવેદન નોંધવા માટે કરેલ યાદી | ૯૧ |
| ૩૯. | ભોગ બનનારનું સીઆર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નિવેદન લેવા ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટે બીજા અધિક જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગરને કરેલ યાદી | ૯૨ |
| ૪૦. | આરોપી કૈલાશ સ.ઓ. કનીયાભાઇ બઘેલને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૯૩ |
| ૪૧. | આરોપી કૈલાશ સ.ઓ. કનીયાભાઇ બઘેલની મેડિકલ તપાસણી કરી સેમ્પલ આપવાની યાદી | ૯૪ |
| ૪૨. | મેડિકલ ઓફિસર, સી.એચ.સી. કાલાવડ દ્વારા આરોપી કૈલાશ સ.ઓ. કનીયાભાઇ બઘેલની મેડિકલ તપાસણી કરી સેમ્પલ કલેક્ટ કર્યા અંગેની યાદી | ૯૫ |
| ૪૩. | એફ.એસ.એલ., રાજકોટને મુદ્દામાલ પૃથ્થકરણ કરવા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૯૬ |
| ૪૪. | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૯૭ |
| ૪૫. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૯૮ |
| ૪૬. | એફ.એસ.એલ., રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૯૯ |
| ૪૭. | બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૦૦ |
| ૪૮. | એફ.એસ.એલ., રાજકોટને મુદ્દામાલ પૃથ્થકરણ કરવા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૧ |
| ૪૯. | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૧૦૨ |
| ૫૦. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૦૩ |
| ૫૧. | રાજ્ય બહાર તપાસના કામે જવા મંજૂરી આપ્યા અંગેનો હુકમ | ૧૦૬ |
| ૫૨. | આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૧૦૭ |
| ૫૩ | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૧૦૮ |
| ૫૪ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૦૯ |

## -:: ચુ કા દો ::-

**નોંધ:-** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગબનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી કૈલાશ ઉર્ફે કેયલો સ.ઓ કનીયાભાઇ બઘેલે ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૭ વર્ષ, ૨ માસ, ૧૫ દિવસવાળી ભોગ બનનારને તા.૭/૩/૨૦૨૩ ના રાત્રીના દસ થી અગીયાર વાગ્યાના અરસામાં ફરિયાદીના અમિતભાઇ ગોરધનભાઇ વેકરીયાની વાડીમાં, ખરેડી, કાલાવડ મુકામે આવેલ ઘરેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભોગ બનનારનું અપહરણ કરી લઇ જઇ, ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી, આ કામના નાસતા ફરતા આરોપી ધાનકીબેનને ભોગ બનનારને સોંપી આપી, નાસતા ફરતા આરોપી ધાનકીબેને ભોગ બનનારને આરોપી જાલુભાઇ ઇડલાભાઇ માવડીયાને સોંપી આપતા, આરોપી જાલુભાઇએ ભોગ બનનારને લઇ જઇ ભોગ બનનારની મરજી વિરુદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ. ત્યારબાદ ભોગ બનનાર એકલી તેના ઘરે જવા માટે નીકળેલ દરમિયાન રસ્તામાં આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઇ બઘેલ મળી ગયેલ જે ભોગ બનનારને પોલીસ સ્ટેશને મુકી જવા માટે તેના મોટર સાયકલમાં બેસાડીને તેના મામાના ઘરે બોકડીયા ગામ ખાતે લઇ ગયેલ અને ત્યાં ભોગ બનનાર સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી ત્યારબાદ થોડા દિવસ બાદ ભોગ બનનારને અલીરાજપુર પોલીસ સ્ટશન બહાર મુકી જતો રહેલ. આમ, ઉપરોક્ત આરોપીઓએ ગુન્હો કરતા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ કરેલ.

૨. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૬/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવતા

કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ અન્વયેનો ગુન્હો બનતો હોઇ, અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઈ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૫૪/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

**૨.૧** આ કામના આરોપી કૈલાશ ઉર્ફે કેયલો કનીયાભાઈ બઘેલ મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાત્રી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક-૧૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક-૧૩ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાના વિરુદ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૨.૨** ત્યારબાદ સદરહુ ગુન્હાના નાસતા ફરતા આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઈ માવડીયા મળી આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬,

૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઇ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૪૭/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે. આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયા મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાત્રી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક-૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક-૬ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાના વિરુદ્ધના ગુન્હાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૨.૩** ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ તથા ૪૭/૨૦૨૪ બંને કેસ એક જ ગુન્હાના હોય તેઓ દ્વારા આંક-૧૯ થી બંને કેસને કોન્સોલીટેડ કરવાની અરજી આપતાં, આંક-૧૯ તળે કરેલ હુકમથી બંને કેસ કોન્સોલીટેડ કરી સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. બંને કેસનો પુરાવો પોકસો કેસ નં.૫૪/૨૦૨૩માં લેવાનો હુકમ થયેલ.

**૨.૪** ત્યારબાદ સદરહુ ગુન્હાનો અન્ય નાસતા ફરતા આરોપી વિમલા સ.ઓ વેસ્તાભાઇ વાસકેલ મળી આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ અન્વયેના ગુન્હા

અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઇ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૪/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે. આરોપી વિમલા સ.ઓ વેસ્તાભાઇ વાસકેલ મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાત્રી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક-૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક-૭ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપી પોતાના વિરુદ્ધના ગુન્હાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૨.૫** ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા આંક-૮ થી અરજી આપી પોકસો કેસ નં.૪/૨૦૨૫ તેમજ પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ તથા ૪૭/૨૦૨૪ એક જ ગુન્હાના હોય જેથી મૂળ કેસના પુરાવા મુજબનો પુરાવો હોય જેથી રીપીટિશન ટાળવા પોકસો કેસ નં.૪/૨૦૨૫ને પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ તથા ૪૭/૨૦૨૪ સાથે કોન્સોલીટેડ કરવાની અરજી આપતાં તા.૧૫/૪/૨૦૨૫ ના રોજ આંક-૧ તળે કરેલ હુકમથી સદરહુ કેસને પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ તથા ૪૭/૨૦૨૪ સાથે કોન્સોલીટેડ કરી એકસાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** આરોપીઓ વિરુદ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ ન હોઇ, આંક-૧૧૦થી કલોઝિંગ પુરસીસ આપી પુરાવો પૂરો

થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીઓએ તેમાં જણાવેલ છે કે, અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. અમોએ કોઇ ગુન્હો કરેલ નથી. અમો નિર્દોષ છીએ તેમ જણાવેલ.

**૪.** ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીરવયના હતા તે ફરિયાદપક્ષ દ્વારા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી શંકારહિત સાબિત કરેલ છે. તેમજ ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાના નિવેદનમાં જણાવેલ હકીકત જણાવેલ. આ કામના ફરિયાદી/ભોગ બનનારના પિતાએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. મેડિકલ પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ છે. આમ, આ કામના આરોપીઓએ ફરિયાદીની દિકરી સગીરવયની હોય તેવું જાણતા હોવા છતાં ભોગ બનનારનું ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, લગ્ન કરવાની લાલચ આપી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કર્યાની હકીકત સ્પષ્ટ થતી હોઇ, ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઇ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**૫.** પોકસો કેસ નં.૫૪/૨૦૩ તથા ૪૭/૨૦૨૪ના બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીએ આંક-૧૧૩ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, ભોગ બનનારની ઉંમર સગીર વયની હતી તે બતાવવા કોઇ માન્ય પુરાવો રજૂ થયેલ નથી. આમ, ભોગ બનનારની ઉંમર બનાવ સમયે સગીરવયની હતી તેમ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. વધુમાં ફરિયાદપક્ષ દ્વારા ભોગ બનનારની જુબાની સિવાય તેને સમર્થનકારી કોઇ પુરાવો ન હોય તો ભોગ બનનારની

જુબાની સ્ટર્લીંગ વિટનેસ તરીકે માની તેના ઉપરથી આરોપીઓને સજા થઇ શકે પરંતુ જો ભોગ બનનારની જુબાની જુદા–જુદા સમયે વિસંગત અને વિરોધાભાસી હોય તો તેને કોરોબરેટ કરતો કોઇ પુરાવો હોય તો જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. ફક્ત ભોગ બનનારની જુબાની ઉપરથી આરોપીઓ વિરુદ્ધનો ગુન્હો પુરવાર ન થઇ શકે. ભોગ બનનારે સૌ પ્રથમ પોલીસ રુબરુ તા.૧૭/૪/૨૦૨૩ ના રોજ નિવેદન લેવામાં આવેલ અને વિશેષ નિવેદન પણ લેવામાં આવેલ. પરંતુ તેમાં આરોપી કૈલાશ સામે ફક્ત તેણી મોબાઇલની બેટરી માટે કુવા પાસે રાત્રે મળવા ગયાનું જણાવેલ. તે સિવાય લલચાવી, ફોસલાવી તેનું અપહરણ કર્યાનુ કે લગ્નની લાલચ આપ્યાનું કે શરીર સંબંધ બાંધેલ હોવાનુ ખુલતુ નથી. ભોગ બનનારની આંક–૧૭ ની જુબાનીમાં આરોપી કૈલાશે જબરજસ્તીથી સંબંધ બાંધ્યાનું જણાવેલ છે અને કલમ–૧૬૪ ના નિવેદનમાં આરોપી કૈલાશ વિરુદ્ધ શરીર સંબંધનું જણાવતા નથી. તેમજ ડોકટર રુબરુની હિસ્ટ્રીમાં બળજબરીથી શરીર સંબંધ બાંધવાનુ ખુલેલ નથી. ફક્ત શરીર સંબંધ બંધાયાની શક્યતા જણાવેલ. તેમજ આંક–૧૦૦ થી રજુ પરીક્ષણ અહેવાલમાં પણ ભોગ બનનારની કોઇ હકીતને સપોર્ટીવ પુરાવો મળેલાનુ જણાવતા નથી. આમ, ભોગ બનનારની જુબાનીમાં વિરોધાભાસી હકીકત જણાઇ આવતી હોય જે માની શકાય નહીં.

**૫.૧** આરોપી તરફે લેખિત દલીલમાં વધુમાં જણાવેલ છે કે, પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ ના આરોપી જાલુ વિરુદ્ધ ફરિયાદપક્ષ ભોગ બનનારનો આંક–૧૭ થી પુરાવો છે તે સિવાય તેના સમર્થનમાં ડોકટરનો પુરાવો રજૂ છે. જેમાં ભોગ બનનારના નિવેદન મુજબ ધાનકીબેને તેના ભાઇ આરોપી જાલુને ભોગ બનનારને સોંપેલ અને આરોપી જાલુએ ભોગ બનનાર સાથે દુષ્કૃત્ય કરેલ. પરંતુ ભોગ બનનાર સીવાય ફરિયાદપક્ષ આરોપી જાલુ સામેનો કેસ પુરવાર કરવા કોઇ જ સમર્થનકારી પુરાવો નથી. ડોકટરની જુબાની મુજબ પણ

જાલુએ ભોગ બનનાર સાથે કોઇ શારીરિક સંબંધ બાંધેલ હોય કે ભોગ બનનારે કોઇ પ્રતિકાર કરેલ હોય કે બુમાબુમ કરેલ કે આરોપી જાલુના સગા વહાલા કે તેની પત્નીની હાજરીમાં આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલ હોય તેમ માની શકાય તેમ નથી. આમ, ભોગ બનનાર સીવાય અન્ય પુરાવો આરોપી સામે કેસ પુરવાર કરવા પર્યાપ્ત નથી જેથી આરોપી જાલુ સામે ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પ્રોસીક્યુશન આરોપી સામે સંતોષકારક રીતે અનબ્લેમીશ પુરાવો રજૂ કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર રહીને સાબિત કરવામાં સંદતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૫.૨** પોકસો કેસ નં. ૪/૨૦૨૫ ના આરોપીના વકીલશ્રી આર.વી. રાવલ દ્વારા આરોપી નં.૧-૨ ની દલીલ એડોપ્ટ કરવામાં આવેલ.

**૬.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે, સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ કૈલાશ ઉર્ફે કેયલો સ.ઓ. કનીયાભાઇ જહરીયાભાઇ બધેલ નાએ તા.૭/૩/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને અન્ય આરોપી સાથે મીલાપીપણામાં લલચાવી,

ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે લઈ જઈ, ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેને સાથે શારીરિક સંબંધ બાંધેલ અને બાદ આરોપી કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીયાભાઈ જહરીયાભાઈ બઘેલ નાએ નાસતા ફરતા આરોપી ધાનકીબેન મારફતે ભોગ બનનારને આરોપી નં.૨ જાલુ સ.ઓ. કનસીંગભાઈ માવડીયાને સોંપેલ. જેણે ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં તેણીની સાથે અવાર નવાર શારીરિક સંબંધ બાંધેલ. બાદ આરોપી નં.૩ વિમલા સ.ઓ. વેસ્તાભાઈ વાસકેલ નાએ પણ ભોગ બનનાર જ્યારે આરોપી જાલુના ઘરેથી નીકળી પોતાના ઘરે જતી હતી ત્યારે પોતાના મોટર સાયકલ ઉપર બેસાડી પોતાના મામા ઘરે બોકડીયા ગામ લઈ જઈ તેણીની સાથે અવાર નવાર શારીરિક સંબંધ બાંધેલ. આમ, તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) સાથે વાંચતા ૧૧૪ તથા પોકસો એક્ટની કલમ–૪ તથા ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

**૭.** ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– નકારમાં

મુદ્દાનં. ૨– આરોપી કૈલાશ પુરતો નકારમાં તથા અન્ય બે આરોપીઓ પુરતો અંશત: હકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નં. ૧ :-**

૯. હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૧ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઈ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઈપણ વ્યક્તિ જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગ બનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઈલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઈઓ મુજબનો પુરાવો લઈ તેની પૂર્તતા કરી પુરવાર કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઈલ જસ્ટીશ રુલ-૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઈએ. સદર રુલ-૧૨ ની જોગવાઈઓને જુવેનાઈલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેકશન) એક્ટની કલમ-૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned

examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન સર્ટિફિકેટ અથવા કોઈપણ એક્ઝામિનેશન બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો કોઈપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઈ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઈજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

૯.૧ આ કામે ભોગ બનનારને સાહેદ નં.૧ આંક-૧૭ થી તપાસેલ છે. જેમાં પોતાની જન્મ તારીખ ૩/૧/૨૦૦૬ હોવાનું જણાવેલ છે. તેમજ ભોગ બનનારના પિતા જે ફરિયાદી છે તેમને સાહેદ નં.૪ આંક-૪૬ થી તપાસેલ છે. જેમણે ભોગ બનનારની જન્મ તારીખ ૩/૧/૨૦૦૬ હોવાનું જણાવેલ.

૯.૨ ફરિયાદપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા સાહેદ નં. ૧૦ તરીકે આંક-૭૨ થી પાતાલસિંગ વેસ્તા ગુથોરીયા કે જે સચિવ મંત્રી છે તેમને તપાસેલ છે. તેમના પુરાવામાં તેઓએ આંક-૭૩ થી ભોગ બનનારની જન્મ તારીખનું અસલ પ્રમાણપત્ર તથા આંક-૭૪ થી જન્મ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ રજૂ કરેલ છે. જેમાં ભોગ

બનનારની જન્મ તારીખ ૩/૧/૨૦૦૬ હોવાનું જણાવેલ. આ સાહેદની ઉલટતપાસમાં તેમને બચાવપક્ષ દ્વારા સવાલ પુછવામાં આવેલ કે, ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રમાં તેની જન્મ તારીખ ૩/૧/૨૦૦૬ છે તે ક્યા કારણોસર તેની નોંધ તા.૧૫/૩/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. જેના જવાબમાં સાહેદે જણાવેલ કે, બાળકના વાલી જ્યારે પણ જન્મની નોંધ કરાવવા આવે ત્યારે નોંધ કરી દેતાં હોઇએ છીએ. વધુમાં ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, બાળકના વાલી જ્યારે જન્મ નોંધ કરાવવા આવે ત્યારે મામલતદારનો હુકમ તથા સોગંદનામુ લઈને આવતા હોય છે અને સોગંદનામામાં બાળકની જન્મ તારીખ છ મહિના વધારે કે ઓછી પણ હોઈ શકે. તેઓ આવો મામલતદારનો હુકમ કે સોગંદનામુ સાથે લાવેલ ન હોવાનું જણાવે છે. આંક–૭૩ નું જન્મ પ્રમાણપત્ર જોતાં તે ગ્રામ પંચાયત ઉબલડ, જિલ્લો અલીરાજપુર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. જેમાં જન્મ પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા તારીખ ૧૫/૩/૨૦૨૩ દર્શાવવામાં આવેલ છે. આ કામે ફરિયાદ જોતાં તે તા.૧૮/૩/૨૦૨૩ ના રોજની છે અને આ ફરિયાદ ૧૧ દિવસના વિલંબથી આપવામાં આવેલ છે. આમ, ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર બનાવ બન્યા બાદ નોંધવામાં આવેલ છે. તદ્ઉપરાંત આંક–૭૪ નો રજીસ્ટરનો ઉતારો જોતાં તેમાં પણ અનુક્રમ નંબર ૧૮૯ ઉપર નોંધણી ૨ થી ભોગ બનનારના જન્મની નોંધ થયેલ છે. પરંતુ આ નોંધ કઈ તારીખે કરવામાં આવેલ છે તેનો રજીસ્ટરમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેમજ માહિતી આપનાર તરીકે ફરિયાદીનું નામ લખેલ છે પરંતુ જેના આધારે જન્મની નોંધ પાડવામાં આવેલ છે તેનો ઉલ્લેખ થયેલ નથી. વધુમાં આ રજીસ્ટરનો ઉતારો જોતાં અનુક્રમ નંબર ૧૮૦ થી ૧૯૪ માં અલગ–અલગ વર્ષમાં જન્મેલ બાળકોની નોંધ કરવામાં આવેલ છે. આમ, હાલના સાહેદે રજૂ કરેલ આંક–૭૩ તથા ૭૪ ના જે દસ્તાવેજો છે તે વિશ્વાસપાત્ર જણાતા નથી. તદ્ઉપરાંત બનાવ બન્યા

બાદ યેનકેન પ્રકારે આ જન્મનું પ્રમાણપત્ર કઢાવેલ હોવાનું જણાઇ આવે છે.

૯.૩ સાહેદ નં.૧૧, આંક–૭૬થી તપાસ કરનાર અધિકારી અલ્પેશકુમાર રાયસંગભાઇ ચૌધરીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમણે ભોગ બનનારના જન્મના પુરાવા સંબંધે કોઇ તપાસ કરેલ નહીં. તેવી જ રીતે સાહેદ નં.૧૨, આંક–૮૭ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારી મિત્તલકુમાર બંસીભાઇ ગજ્જર નાએ ઉલટતપાસમાં ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઇ કરાવેલ નહીં હોવાનું જણાવે છે.

૯.૪ આમ, ઉપરોક્ત પુરાવાની ચર્ચાને અંતે એવું સ્પષ્ટ જણાઇ આવે છે કે, ફરિયાદપક્ષ દ્વારા ભોગ બનનારની જન્મ તારીખ સંબંધે જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે પાછળથી ઉભો કરવામાં આવેલ છે અને તે વિશ્વસનીય નથી. આમ, ફરિયાદપક્ષ ભોગ બનનાર સગીર વયના હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેથી મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં આપું છું.

**મુદ્દા નં.૨ :–**

**૧૦.** આ કામે અન્ય કોઇ પુરાવાની ચર્ચા કરતા અગાઉ સૌ પ્રથમ **ભોગ બનનારના પુરાવા**ની ચર્ચા કરવી યોગ્ય જણાઇ છે. જેમને ફરિયાદપક્ષે **સાહેદ નં.૧ તરીકે આંક–૧૭** થી તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૧૮ થી સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન રજૂ થયેલ છે. ભોગ બનનારના પુરાવા મુજબ તેમના પિતાજી ખેતરમાં કામ કરે છે તેની બાજુના ખેતરમાં આરોપી કૈલાશ ટ્રેકટર ચલાવતો હતો. કૈલાશે ભોગ બનનારને એક ફોન આપેલો અને જબરજસ્તીથી તેની સાથે વાત કરવાનું કહેતો હતો. એક દિવસ રાત્રે ૧૦ થી ૧૦:૩૦ વાગ્યાની આસપાસ આરોપી કૈલાશ તેની વાડીએ આવેલ. જ્યાં તેની સાથે

જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલ. શરીર સંબંધ બાંધ્યા બાદ જ્યારે તેઓ બેઠા હતા તે દરમિયાન તેણીના પિતા તેને જોઇ જતાં કૈલાશ તેને જોઇને ભોગ બનનારને લઇને ભાગી ગયેલો અને આગળ બીજી વાડી હતી ત્યાં ભોગ બનનારને મુકીને જતો રહેલ.

ભોગ બનનારે ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી કૈલાશ ત્યાં ટ્રેકટર ચલાવતો હતો એટલે તેની ઓળખાણ તેની સાથે થયેલી. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની વચ્ચે ફોનની આપ-લે કરેલી અને તેણી તેની સાથે ફોનમાં વાતો કરતી. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેણીએ ઘરમાં કોઇને કહેલ નહીં કે આ મોબાઇલ તેણીને કોણે આપેલો છે. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેણી મોબાઇલમાં કોની સાથે વાત કરે છે તે પણ તેના માતા-પિતાને કહેલ ન હતુ. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, મોબાઇલની બેટરી પૂરી થઇ જતાં તેણીએ કૈલાશને ફોન કરીને કહેલું કે, બેટરી પૂરી થઇ ગઇ છે, તું મોબાઇલ લઇ જા. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તે તેણીને રાત્રે બેટરી દેવા આવ્યો હતો. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, કૈલાશ તેણીને વાત કરવા માટે ધમકાવતો હતો તેવી વાત તેણીએ તેના માતા-પિતાને કહેલ ન હતી. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, ત્યારપછી તેના ઘરમાં કોઇને ખબર ન પડે તેવી રીતે તેણી કૈલાશને મળવા જતી હતી. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તે દિવસે રાત્રે કૂવા પાસે બેસીને તેણી અને કૈલાશ મોબાઇલમાં પિક્ચર જોતા હતા. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેણીએ તેના પોલીસ રુબરુના નિવેદનમાં એવું જણાવેલ નથી કે, એ દિવસે રાત્રે દસ થી સાડા દસ વાગ્યે તેમની વાડીએ આવેલો અને તેની સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલો. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ છે કે, કૈલાશે તેણીને કોઇ લોભ-લાલચ આપેલી નથી. ભોગ બનનારે એ હકીકત કબુલ રાખેલ

છે કે, તેણી કૈલાશને પ્રેમ કરતી હતી એટલે તેની સાથે બેઠી હતી.

**૧૦.૧** વધુમાં આ કામના **ફરિયાદી જે ભોગ બનનારના પિતા** છે. તેમને ફરિયાદપક્ષે **સાહેદ નં.૪ તરીકે આંક–૪૬** થી તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૪૭ થી ફરિયાદ રજૂ થયેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ રાત્રે જ્યારે પેશાબ પાણી કરવા જાગેલા ત્યારે રુમમાં તેમની ભોગ બનનાર દીકરી હાજર ન હતી અને બાદ તેમણે આજુબાજુ તપાસ કરવા છતાં તે મળી આવેલ નહીં. પરંતુ વાડીની પાસે આવેલ કૂવા પાસે બે મોબાઇલ મળેલા. જેમાં એક મોબાઇલ ખોલતા તેમની ભોગ બનનાર દીકરી તથા કૈલાશના ફોટા જોવા મળેલા.

ફરિયાદીની ઉલટતપાસ જોતાં તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમણે તેમની ભોગ બનનાર દીકરીને કોઇ સાથે જતી હોય તે નજરે જોયેલ નથી. આમ, ભોગ બનનારના પુરાવા મુજબ કૈલાશ સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ તેઓ વાડીએ બેઠેલા હતા ત્યારે તેમના પિતાએ તેને અને કૈલાશને જોયેલા. જ્યારે તેમના પિતાના પુરાવા મુજબ ભોગ બનનાર રાત્રીના તેમના ઘરે જણાયેલ ન હતી. આમ, ઉપરોક્ત બાબતે ભોગ બનનાર અને તેમના પિતાના પુરાવા વચ્ચે ખૂબ જ મોટો વિરોધાભાસ જણાઇ આવે છે.

**૧૦.૨** વધુમાં ભોગ બનનારે તેમના પુરાવામાં આંક–૧૮ થી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૧૬૪નું નિવેદન રજૂ થયેલ છે. જેમાં તેણીએ એવું જણાવેલ છે કે, કૈલાશે તેણીને ફોન આપેલ જેમાંથી તે કૈલાશ સાથે વાત કરતી હતી. ત્રણ દિવસ વાત કરેલી અને ચાર્જ પૂરુ થતા કૈલાશને તે બાબતે જણાવતાં કૈલાશે મોબાઇલ આપવા જણાવેલ અને ચાર્જ કરીને આપી જશે તેવું કહેલું. જેથી ભોગ બનનાર રાત્રે અગીયાર વાગ્યે ફોન આપવા માટે કૈલાશ પાસે ગયેલ ત્યાં ભોગ બનનાર અને કૈલાશ બેઠા હતા ત્યારે તેના પિતા તેમને જોઇ જતાં કૈલાશ તેણીનો હાથ પકડીને ભાગેલ અને ધાનકીની વાડીએ લઇ ગયેલ જ્યાં એક

રાત રાખી ત્યાં મૂકીને જતો રહેલ. આમ, આંક-૧૮ થી રજૂ સી.આર.પી.સી. કલમ-૧૬૪ના નિવેદનમાં ભોગ બનનારે કૈલાશ સાથે શરીર સંબંધ બાંધેલાની કોઇ હકીકત જણાવતા નથી.

**૧૦.૩** તેવી જ રીતે સાહેદ નં.૩ તરીકે આંક-૩૯ થી ડો.સમરા મહમદઅમીન સૈયદનો પુરાવો જોતાં તેમણે ભોગ બનનારને તપાસેલા અને ભોગ બનનારે આપેલ હિસ્ટ્રી મુજબ તેઓ બંનેને પ્રેમસંબંધ હતો અને તા.૭/૩/૨૦૨૩ ના રાત્રીના ભોગ બનનારની સંમતિથી કૈલાશે શારીરિક સંબંધ બાંધેલા અને ભોગ બનનાર સાથે કોઇ જબરજસ્તી, લાલચ કે મારપીટ થઇ ન હતી તેવું જણાવેલ છે. આ સાહેદની ઉલટતપાસમાં તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, ભોગ બનનારના કોઇપણ ભાગ ઉપર ઇજાના નિશાન ન હતા અને ક્લિનિકલી એકઝામિનેશન દરમિયાન ભોગ બનનાર સાથે બળજબરી થયેલ હોય તેવું જોવા મળેલ નહીં. તેમણે એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ભોગ બનનારે તેમના રુબરુ આપેલ હિસ્ટ્રીમાં બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધેલાનું જણાવેલ નહીં. વધુમાં તેમણે એ પણ કબુલ રાખેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી સિવાય ક્લિનિકલી શરીર સંબંધ બંધાયા હોય તેવા કોઇ લક્ષણો જણાયેલ નહીં. આમ, આ ડોક્ટરશ્રીનો પુરાવો જોતાં ભોગ બનનારની મેડિકલ પરીક્ષણ દરમિયાન આવા કોઇ લક્ષણો જણાયેલ ન હતા કે જેના ઉપરથી કહી શકાય કે, ભોગ બનનાર સાથે બળજબરી શરીર સંબંધ બંધાયો હતો. એક તબક્કે ભોગ બનનારની હિસ્ટ્રી મુજબ માની લેવામાં આવે કે, તેણીની સાથે આરોપી કૈલાશે શરીર સંબંધ બાંધેલો, તો પણ તેવો શરીર સંબંધ પરસ્પરની સંમતિથી બંધાયેલ હોવાનું જણાઇ છે.

**૧૦.૪** તદ્ઉપરાંત આંક-૧૦૦ થી રજૂ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટ જોતાં તેમાં પણ ભોગ બનનારના કપડા કે તેમના શરીર ઉપરથી લેવાયેલ સેમ્પલમાં કોઇ વીર્ય કે લોહીની હાજરી મળી આવેલ નથી. આમ,

ભોગ બનનારનો પુરાવો જોતાં કોર્ટ રુબરુની જુબાનીમાં તથા તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ના નિવેદનમાં તેમજ ડોક્ટરશ્રી રુબરુની હિસ્ટ્રીમાં આરોપી કૈલાશે શરીર સંબંધ બાંધ્યા સંબંધે ખૂબ જ વિરોધાભાસ હકીકતો જણાઇ આવે છે. જેના આધારે એવું કહી શકાય નહીં કે, આરોપી કૈલાશે ભોગ બનનાર સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલ.

**૧૦.૫** વધુમાં સાહેદ નં.૧૨ તરીકે આંક–૮૭ થી તપાસ કરનાર અધિકારી મિત્તલકુમાર બંસીભાઇ ગજ્જરની ઉલટતપાસ જોતાં તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી કૈલાશ ભોગ બનનારને ફોનમાં વાત કરવા ધમકાવતો હોય તેવું તપાસમાં ખૂલેલ નહીં.

**૧૧. પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ ના આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ માવડીયા** સંબંધે ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો, ભોગ બનનાર સાહેદ નં.૧ તરીકે આંક–૧૭ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, કૈલાશ ધાનકીબેનની વાડીએ તેણીને મૂકી ગયેલો. સવારે ચાર વાગ્યે ધાનકીએ તેમના જેઠ અને તેમના ભાઇ જાલુને ફોન કરી બોલાવેલા. જાલુ આવ્યો અને ભોગ બનનારને નિકાવા લઇ ગયેલ અને ત્યાંથી મોરબી અને મોરબીથી છોટા ઉદેપુર લઇ ગયેલ અને બાદ છોટા ઉદેપુરથી તેના મામાના ઘરે લઇ ગયેલ. જ્યાં જાલુએ એક રાતમાં બે થી ત્રણ વખત ભોગ બનનારની મરજી ન હોવા છતાં તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ. જ્યાં બે દિવસ ભોગ બનનાર રોકાયેલ અને ત્યાંથી ગામ ગહવણ લઇ ગયેલો. જ્યાં એક મહિનો રોકાયેલ ત્યાં પણ જાલુએ ભોગ બનનાર સાથે અવાર–નવાર શરીર સંબંધ બાંધેલો. જાલુની પત્નિએ ભોગ બનનારને જાપટ મારતા જાલુએ તેની પત્નિ સાથે ઝઘડો કરેલો અને બાદ ભોગ બનનાર ઘરેથી નીકળી ગયેલ.

આરોપી જાલુના વિદ્વાન વકીલશ્રી તરફે જે-તે વખતે મુદ્દત રીપોર્ટ આપવામાં આવેલા જે કોસ્ટ સાથે મંજૂર કરવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ કરવામાં ન આવતા તેમનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલો. જે બાદ સંપૂર્ણ ટ્રાયલ પૂર્ણ થયેલ હોવા છતાં આરોપી જાલુના વકીલશ્રી તરફે ભોગ બનનારની ઉલટતપાસનો હક્ક ખોલવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નહીં. તદ્દઉપરાંત ભોગ બનનારના પુરાવા સાથે આંક-૧૮ થી રજૂ સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન જોવામાં આવે તો તેમાં પણ ભોગ બનનનારે જણાવેલ કે, ધાનકીએ તેના ભાઈ જાલુને ફોન કર્યા બાદ જાલુ તેને મોરબી, છોટા ઉદેપુર અને છેલ્લે ગહવણ ગામે લઈ ગયેલ. જ્યાં જાલુનું ઘર હતું. ત્યાં તેને ૨૮ દિવસ રાખેલ અને ૪ થી ૫ વખત પરાણે તેની સાથે શરીર સંબંધ બાંધેલ. આમ, ભોગ બનનારનો ઉપરોક્ત પુરાવો આરોપી જાલુના વિદ્વાન વકીલશ્રી તરફે કોઈપણ રીતે પડકારવામાં આવેલ નથી અને તેથી તેવો પુરાવો નહીં માનવાનું કોઈ કારણ નથી.

૧૨. **પોકસો કેસ નં.૪/૨૦૨૫ ના આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઈ વાસકલે** સંબંધે ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો ભોગ બનનાર સાહેદ નં. ૧ આંક-૧૭ ની તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જયારે જાલુના ઘરેથી નીકળીને ચાલતા-ચાલતા પોલીસ સ્ટેશન જતી હતી ત્યારે એક ભાઈ મોટર સાયકલ ઉપર આવેલો અને તેણીને પોતાની મોટર સાયકલ ઉપર બેસાડીને પોલીસ સ્ટેશન લઈ જવા માટે નીકળેલ. પરંતુ આરોપી તેણીને પોતાના મામાના ઘરે ચાંદપુર બોકડીયા ગામે લઈ ગયેલ. જે છોકરાનું નામ વિમલા હતુ. ત્યાં તેના મામાના ઘરે ચાર-પાંચ દિવસ રાખેલી અને મરજી વિરુદ્ધ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલો. ભોગ બનનારે વિમલાનુ આધાર કાર્ડ જોવાથી તેના નામની ખબર પડેલાનું ભોગ બનનારે તેના પુરાવામાં જણાવે છે. ત્યારબાદ આ વિમલાએ ભોગ બનનારને બીજા દિવસે અલીરાજપુર પોલીસ સ્ટેશન બહાર મૂકીને જતો રહેલો. આંક-

૧૮ થી રજૂ થયેલ સીઆર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન જોતા ભોગ બનનારે તેમાં પણ ઉપર જણાવ્યા મુજબની જ હકીકત જણાવેલ છે.

આ તબક્કે એ નોંધવુ અનિવાર્ય છે કે, જ્યારે ભોગ બનનારને તપાસવામાં આવેલ ત્યારે આરોપી વિમલા વેસ્તા વિરુદ્ધ ચાર્જશીટ થયેલ ન હતુ. ત્યારબાદ પાછળથી આરોપી વિમલા વેસ્તાનો કેસ અન્ય આરોપીઓ સાથે કોન્સોલીટેડ કરવામાં આવેલ તેમ છતાં આરોપી વિમલા વેસ્તાના વિદ્વાન વકીલશ્રી તરફે ભોગ બનનારને તપાસવા કોઈ અરજી આપવામાં આવેલ ન હતી. આમ, ભોગ બોનનારનો આરોપી વિમલા વેસ્તા વિરુદ્ધનો ઉપરોક્ત પુરાવો પડકાર્યા વગરનો રહેલ છે અને તે ન માનવાને કોઈ કારણ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૩૩ થી ડો.નવીન બદ્રીપ્રસાદ દુબેને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૩૪ થી ૩૭ સુધીના કાગળો અદાલતમાં રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ આરોપી વિમલા વેસ્તાભાઈ વાસ્કેલને તેમની સમક્ષ મેડિકલ તપાસણી અર્થે પોલીસ યાદી સાથે લાવેલા. આ સાહેદે આરોપીના જરુરી સેમ્પલો લઈ સીલબંધ હાલતમાં પોલીસને મોકલી આપેલ હતા. તેમજ ભોગ બનનારને પણ મેડિકલ સેમ્પલો લેવા માટે પોલીસ યાદી સાથે લાવેલા અને તેઓએ જરુરી નમુનાઓ લઈ પોલીસને સુપરત કરેલા. આ સાહેદની ઉલટતપાસમાં સરતપાસને ખંડન કરતો કોઈ પુરાવો આવેલ નથી.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૫૦ થી ફરિયાદીની ફરિયાદ લેનાર હિરલબેન વશરામભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદના પુરાવામાં આંક–૫૧ થી સ્ટેશન ડાયરીનો ઉતારો અને આંક–૫૨ થી ગુન્હો રજીસ્ટર કરવાની યાદી રજૂ થયેલ છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૩માં જામનગરના કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.માં

પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે આ કામના ફરિયાદીની તેમના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલ. આ ફરિયાદના આધારે તેઓએ તેમના પો.સ્ટે.ના ગુન્હા રજી.નં.૦૧૮૪/૨૦૨૩ થી આઇ.પી.સી.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા ૩૭૬ (૨) (એન), ૧૧૪ તથા પોકસો એકટની કલમ ૪,૬ મુજબનો ગુન્હો નોંધી, ગુન્હાની એફ.આઇ.આર. તૈયાર કરી, આગળની તપાસ ધ્રોલ સી.પી.આઇ.શ્રી ડી.કે.ચૌધરીને સોંપેલ.

**૧૪.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તા.૧૮/૩/૨૦૨૩ ના રોજ ફરિયાદ નોંધેલ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીના જણાવ્યા મુજબ બનાવ તા.૭/૩/૨૦૨૩ ના રોજ બનેલ. સાહેદે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ફરિયાદ અગીયાર દિવસના વિંલબથી આપવામાં આવેલ તેનું કોઈ કારણ ફરિયાદીએ જણાવેલ નહીં. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરિયાદીની ફરિયાદ લઈ ગુન્હો દાખલ કર્યા સિવાય કોઈ કાર્યવાહી કરેલ નથી.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૫૭ થી પંચ સાહેદ વિનોદભાઇ કાનજીભાઇ હરસાણીને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૫૮ થી રજૂ સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમના પુરાવા મુજબ આશરે બે વર્ષ પહેલા અમિત ગોરધનભાઇ વેકરીયાની વાડી જે મેંદરડી સીમમાં આવેલ છે ત્યાં પંચમાં બોલાવેલ. તે સમયે એક વ્યક્તિ પોલીસની સાથે હતી અને તેઓ બનાવવાળી જગ્યા બતાવતા હતા. તે અંગેનું પંચનામુ પોલીસે કરેલ અને તેમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી.

**૧૫.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તેમજ તે સિવાય પંચનામા અંગે કશું જાણતા નથી.

**૧૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે આંક–૫૯ થી પંચ સાહેદ રીટાબેન મનસુખભાઇ ભાલાળાને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૬૦ થી રજૂ આરોપી કૈલાશને અટક કર્યાના અને તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૧૫/૯/૨૦૨૩ ના તેઓના ઉપરી અધિકારીની સૂચના મુજબ તેઓ પો.સ્ટે. ગયેલા. જ્યાં તેમની હાજરીમાં આરોપી કૈલાશ હાજર હોય તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા રજૂ કરતા તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ. તે અંગેનુ પંચનામુ પોલીસે તેમની હાજરીમાં કરેલ અને તેઓએ પોલીસને લખાવેલુ.

**૧૬.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીના કપડા ટેબલ પર પડેલ હતા તે પોલીસે બતાવેલ અને કબજે કરેલ. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ.

**૧૭.** ફરિયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક–૬૨ થી પંચ સાહેદ સાગર કાંતિભાઇ જોષીને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૬૩ થી રજૂ આરોપી વિમલા સ.ઓ. વેસ્તાને અટક કર્યાના અને તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૨૮/૧૧/૨૦૨૪ ના કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશને માંથી પંચ તરીકે હાજર રહેવા માટે ફોન આવતા તેઓ તથા બીજા પંચ દિવ્યેશ જીતેષભાઇ માટીયા ગયેલા. પોલીસ સ્ટેશને આરોપી વિમલાભાઇ નામની વ્યક્તિ હાજર હતી. જેઓએ બનાવ સમયે પહેરેલ કપડા રજૂ કરતા પોલીસે તેમની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીને પંચનામાની વિગતે અટક કરેલ. તે અંગેનું પંચનામુ પોલીસને લખાવેલ.

**૧૭.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓએ સહી લીધેલી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ

છે કે, તેઓ લખાવતા હોય અને પોલીસે પંચનામુ લખેલ હોય તેવું બનેલ નથી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની હાજરીમાં આરોપી અટક કરેલ નથી કે તેના કપડા પોલીસે કબજે કરેલ નથી.

**૧૭.૨** આમ, ઉપરોક્ત પંચોની જુબાની ઉપરથી એટલી હકીકત સ્પષ્ટ થાય છે કે, બનાવવાળી જગ્યાનું પંચનામુ, આરોપીઓને અટક કર્યાનું તથા આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ

**૧૮.** ફરિયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક-૬૯ થી તપાસ કરનાર અમલદાર દિવ્યાંગ ખાનસીંગભાઈ ચૌધરીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક-૭૦ તથા ૭૧ વાળા કાગળો અદાલતમાં રજૂ થયેલ છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૩માં ધ્રોલ પો.સ્ટે.માં પી.આઈ તરીકે તેઓ ફરજ પર હતા. કાલાવડ પો.સ્ટે. ગ્રામ્યમાં દાખલ થયેલ ફર્સ્ટ ગુન્હા રજી.નં.૦૧૮૪/૨૦૨૩, આઇ.પી.સી.કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોકસો એકટ-૪,૬ મુજબના ગુન્હાની આગળની તપાસ સંભાળેલ હતી. તપાસ દરમિયાન ભોગ બનનારનુ તથા લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેમના રુબરુના નિવેદન લીધેલ હતા. સરકારી પંચો ફાળવવા યાદી કરેલ. ભોગ બનનારના કપડા કબજે કર્યાનું તથા બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. રાજ્ય બહાર જવા બાબત પો.અધિ.સા.શ્રીને યાદી કરેલ અને મંજૂરી મળતા આ કામે સામેલ રાખેલ. આ કામે ભોગ બનનારની મેડિકલ તપાસણી થવા અંગે યાદી કરેલ. ત્યારબાદ તેમની બદલી થતા આ કામની આગળની તપાસ તેમના પો.સ્ટે.ના એમ.ડી.ગજ્જરને સોંપી આપેલ હતી.

**૧૮.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તપાસ મળતા તેઓએ ભોગ બનનારનું નિવેદન વાંચેલુ. સાહેદને તા.૭/૩/૨૦૨૩ ના રોજ ભોગ

બનનારના પિતાએ ગુમ થયાની નોંધ કાલાવડ પો.સ્ટે.માં કરેલ કે કેમ તેની તેઓને ખબર નથી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ફરિયાદને અનુરુપ સાહેદોના નિવેદન લખી લીધેલ.

**૧૯.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક–૭૬ થી અન્ય તપાસ કરનાર અમલદાર અલ્પેશકુમાર રાયસંગભાઇ ચૌધરીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૭૭ તથા ૮૬ સુધીના કાગળો અદાલતમાં રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ કાલાવડ(ગ્રામ્ય) પો.સ્ટે.ના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૦૧૮૪/૨૦૨૩, આઇ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબના ગુન્હાની તપાસ તેઓએ કરેલી. ગુન્હાના કામે આરોપી જાલુ પાનસીંગ માવદીયાને પંચનામાની વિગતે ધોરણસર અટક કરેલ તેમજ આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે કરેલ. આ કામે ટી.ડી.ઓ કાલાવડને યાદી કરેલ અને તેના તરફથી બે સરકારી પંચ ફાળવ્યાની યાદી મળેલ જે કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીની મેડિકલ તપાસણી તથા સેમ્પલ આપવા માટે સી.એચ.સી. કાલાવડને યાદી કરેલ અને સી.એચ.સી. કાલાવડે આરોપીના લીધેલા સેમ્પલોની વિગત આવતા કામમાં સામેલ રાખેલ. તેમજ ગુન્હાના કામે કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ. રાજકોટ ખાતે પૃથ્થકરણ અર્થે મોકલેલ. એફ.એસ.એલ. તરફથી પહોંચ તથા અહેવાલ તેઓએ આ કામે સામેલ રાખેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેમના રુબરુના નિવેદન લીધેલ હતા. આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ તૈયાર કરેલ અને ધોરણસર અટક કરેલ.

**૧૯.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તપાસ મળતા તેઓએ ભોગ બનનારનું નિવેદન વાંચેલ. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તપાસ

દરમિયાન તેમને જણાયેલ નહીં કે આરોપી જાલુ ભોગ બનનારને જબરજસ્તીથી લઇ ગયેલ નહીં. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમિયાન એવું ખુલેલ નહીં કે, આરોપી જાલુ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી, અપહરણ કરીને લઇ ગયેલ હોય. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર તેની મરજીથી આરોપી જાલુ સાથે જતી રહેલ.

**૨૦.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક-૮૭ થી અન્ય તપાસ કરનાર અમલદાર મિત્તલકુમાર બંસીભાઇ ગજ્જરને સોગંદ ઉપર તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક-૮૮ તથા ૧૦૪ સુધીના કાગળો અદાલતમાં રજૂ થયેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૩માં ધ્રોલ ખાતે સી.પી.આઈ તરીકે તેઓ ફરજ પર હતા. દરમિયાન કાલાવડ(ગ્રામ્ય) પો.સ્ટે.ના ફસ્ટ ગુન્હા રજી.નં.૦૧૮૪/૨૦૨૩, આઇ.પી.સી.કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૪,૬ મુજબના ગુન્હાની તપાસ તેઓએ અગાઉના સી.પી.આઈ પાસેથી સંભાળેલ. તપાસ દરમ્યાન ભોગ બનનારની જી.જી.હોસ્પિટલ ખાતે ગાયનેક મેડિકલ ઓફીસર પાસે તપાસણી કરાવેલ અને મેડિકલ સેમ્પલો અને સેમ્પલ કલેકશન ફોર્મ આવતા તપાસના કામે સંભાળેલ. આ કામે ભોગ બનનારનો સી.આર.પી.સી.કલમ-૧૬૪નું નિવેદન લેવડાવવા નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ. આ કામના આરોપીની મેડિકલ તપાસણી અંગેની અને સરકારી પંચો ફાળવવાની કાર્યવાહી કરેલ. તેમજ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ, આરોપી અટક કર્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું તૈયાર કરી રુબરુ તરીકે તેઓએ સહી કરેલ. આ કામે આરોપીને અટક કર્યા અંગેની યાદી પી.એસ.ઓ.ને કરેલ. આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલનું પરીક્ષણ થવા માટે એફ.એસ.એલ. રાજકોટને જરુરી પત્રકો સાથે યાદીઓ કરી મુદ્દામાલ મોકલેલ. ત્યારબાદ એફ.એસ.એલ. રાજકોટ તરફથી મળેલા બાયોલોજી તથા

સીરોલોજી અહેવાલ આ કામે ફોરવર્ડીંગ પત્ર સાથે મળેલ તે સામેલ રાખેલ. આ કામે ભોગ બનનારનુ તેઓ રુબરુનુ તેણીએ લખાવ્યા મુજબનું વિશેષ નિવેદન તા.૧૫/૯/૨૦૨૩ના રોજ લીધેલ હતુ. ત્યારબાદ આ કામે કાલાવડ પોલીસ દ્વારા આરોપીના વતન એમ.પી.માં તપાસ કરતા આરોપીના કુટુંબી કાકા તથા લાગતા વળગતા સગા વ્હાલાઓના નિવેદન લેવામાં આવેલ. ત્યારબાદ આરોપી જાલુના ઘરે જઈ તેની પત્નીનું નિવેદન લેવામાં આવેલ. આરોપી કૈલાશ કનૈયાભાઈ વિરુદ્ધ પુરતો પુરાવો હોય આરોપીને ધોરણસર અટક કરી આ ગુન્હાનુ ચાર્જશીટ તેઓએ તૈયાર કરેલ.

**૨૦.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કારેલ છે કે, આરોપી કૈલાશ ભોગ બનનારને ફોનમાં વાત કરવા ધમકાવતો હોય તેવું તપાસમાં ખુલેલ નહીં. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી કૈલાશ ભોગ બનનારને લલચાવી, ફોસલાવીને લઇ ગયેલ હોય તેવું તપાસમાં જણાઇ આવેલ નહીં. તેઓએ તપાસ દરમિયાન ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન વાંચેલ નહીં. સાહેદને પુછવામાં આવેલ સવાલ વિશેષ નિવેદન પ્રથમ નિવેદનના પાંચ માસ બાદ લેવામાં આવેલ તેના ખુલાસામાં જણાવેલ છે કે, તપાસ દરમિયાન વિશેષ નિવેદન લેવાની જરુરીયાત જણાતાં તથા નવી હકીકતો ખુલતી હોય જેથી ભોગ બનનારનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની મેડિકલ તપાસણી માટે મોકલેલ ત્યારે તે યાદીમાં બનાવની ટૂંકી હકીકત લખેલ હતી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદને અનુરુપ સાહેદોના નિવેદન પોતાની રીતે લખી લીધેલ તેમજ આ કામના તમામ પંચનામાઓ પોતાની રીતે તૈયાર કરી, તૈયાર પંચનામામાં પંચોની સહી લઇ લીધેલ.

**૨૧.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક-૧૦૫ થી અન્ય તપાસ કરનાર અમલદાર નિખિલકુમાર બાબુભાઇ ડાભીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક-૧૦૬ તથા ૧૦૯ સુધીના કાગળો અદાલતમાં રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૩ માં કાલાવડ(ગ્રામ્ય) પો.સ્ટે. ખાતે પી.આઈ. તરીકે ફરજ પર હતા. દરમિયાન કાલાવડ(ગ્રામ્ય) પો.સ્ટે.ના ફ.ગુ.રજી.નં.૦૧૮૪/૨૦૨૩ ના ગુન્હાની આગળ તપાસ તેઓને મળેલ. તપાસ દરમિયાન આરોપી વિમલ વેસ્તા રહે.અલીરાજપુર, મધ્યપ્રદેશ વાળાને બે પંચોની હાજરીમાં અટક કરી પંચનામુ કરેલ. આરોપીના મેડિકલ સેમ્પલ લેવડાવવા કાર્યવાહી કરેલ. તેમજ આ કામે મેડિકલ સેમ્પલો પો.સ્ટે.માં મળતા પંચનામાની વિગતે કબજે કરેલ. આ કામે આરોપીને અટક કર્યા અંગેની નોંધ કરવા યાદી કરેલ. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ પરીક્ષણ અર્થે રાજકોટ એફ.એસ.એલ.ને મોકલી આપેલ. જેની પહોંચ મળતા તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આ કામે પોલીસ અધિક્ષકની મંજૂરી મેળવી મજકુર આરોપીની તપાસ કરવા પોલીસને મોકલેલ. આરોપી વિમલા વેસ્તાભાઇ વિરુદ્ધ પુરતો પુરાવો હોય આરોપીને ધોરણસર અટક કરી આ ગુન્હાનું ચાર્જશીટ કરેલ.

**૨૧.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ, ભોગ બનનારના ડોકટરશ્રી રુબરુની હિસ્ટ્રી તેમજ સી.આર.પી.સી. કલમ-૧૬૪ના નિવેદનમાં આરોપી વિમલા વેસ્તાનું નામ નથી કે તેઓ વિરુદ્ધ કોઇ આક્ષેપો નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમિયાન જણાયેલ નહીં કે, આરોપી વિમલા વેસ્તા કે ભોગ બનનાર એકબીજાને પહેલેથી ઓળખતા હોય. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમિયાન કોઇ ઓળખ પરેડનું પંચનામુ કરાવેલ નહીં. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો ન હોવા

છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**૨૨.** આ કામે આંક–૪૮ થી રજૂ ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ, આંક–૪૯ થી રજૂ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ, આંક–૫૩ થી રજૂ બનાવવાળી જગ્યાનું પચનામુ, આંક–૫૪ થી રજૂ આરોપી વિમલાભાઈ વેસ્તાભાઈ વાસકેલના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ તથા આંક–૬૫ થી રજૂ આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઈ માવડીયાને ગુન્હાના કામે અટક કર્યાનું તથા તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પચનામુ રજૂ છે જે બચાવપક્ષ દ્વારા કબુલ કરવામાં આવેલ જેથી સદરહુ પંચનામાઓ ન માનવાને કોઈ કારણ નથી.

**૨૩.** આમ, ઉપરોક્ત તમામ પુરાવાની ચર્ચાને અંતે ફરિયાદપક્ષ પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ના આરોપી કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીયાભાઈ બધેલ વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે પરંતુ પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ ના આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઈ ઉર્ફે ઈડલાભાઈ ભગડાભાઈ માવડીયા તથા પોકસો કેસ નં.૪/૨૦૨૫ના આરોપી વિમલા સ.ઓ. વેસ્તાભાઈ વાસકેલ વિરુદ્ધ ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે કે, આ બંને આરોપીઓએ ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધેલા. આ કામે ફરિયાદપક્ષ ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાનું સાબિત કરી શકેલ નહીં. જેથી પોકસો એક્ટની કલમો અન્વયેના ગુન્હા અન્વયે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. તેમજ આરોપીઓએ એકબીજા સાથે મીલાપીપણામાં ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. તેમજ આરોપીઓએ ભોગ બનનારને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરેલાનું પણ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. પરંતુ આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઈ માવડીયા અને વિમલા

સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ નાઓએ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલાનું પુરવાર થતું હોય મુદ્દા નં.૨ નો જવાબ આરોપી નં.૧ કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીચાભાઇ બઘેલ પુરતો '**નકાર**'માં તથા આરોપી નં.૨ જાલુ સ.ઓ. કનસીંગભાઇ માવડીયા તથા આરોપી નં.૩ વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ નાઓ સામે '**અંશતઃ હકાર**'માં આપી નીચે મુજબનો હુકમ કરું છું.

## -:: હુકમ ::-

૧. પોકસો પોકસો કેસ નં.૫૪/૨૦૨૩ના આરોપી **કૈલાશ ઉર્ફે કેચલો સ.ઓ. કનીચાભાઇ બઘેલ,** રહે. રે. હાલ હળતાલાગામ, નરશીભાઇ પટેલની વાડીમાં, તા.બાબરા, જિ.અમરેલી મુળ રહે. મોટા ઉમરગામ, સીચાણા ફળીયુ, તા.જોબટ, જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) સાથે વાંચતા ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ-૪ અને ૬ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. પોકસો પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ના આરોપી **જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા,** રે. વાવડી ફળીયુ, ગહવનગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને તથા પોકસો કેસ નં.૪/૨૦૨૫ ના આરોપી **વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ** રે. મોહનીયા ફળીયુ, ગહવણગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ સાથે વાંચતા ૧૧૪ તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ-૪ અને ૬ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૩. પોકસો પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ના આરોપી **જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા,** રે. વાવડી ફળીયુ, ગહવનગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને તથા પોકસો કેસ નં.૪/૨૦૨૫ ના આરોપી **વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ** રે. મોહનીયા ફળીયુ, ગહવણ ગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ તથા ૩૭૬(૨)(એન) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૪. આ કામ સજા અંગે આરોપીને સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૯મી, માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539

## સજા અંગે સાંભળ્યા બાદનો હુકમ

**૨૪.** આરોપીને સજા બાબતે પૂછતા તેઓ પોતે જણાવે છે કે, તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી.

આરોપીઓ તર્ફે તેમના વિદ્વાન વકીલશ્રી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે. તેમજ આરોપી પર તેમના કુટુંબની જવાબદારી છે. જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૨૫.** ફરિયાદપક્ષે સરકારી વકીલશ્રી એમ.પી.જાનીએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીઓએ જાણી જોઇને ભોગ બનનારની એકલતાનો લાભ ઉઠાવી ગુન્હો આચરેલ છે અને પ્રોસીક્યુશને આરોપીઓ વિરુદ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ છે ત્યારે સદર ગુન્હામાં આરોપીઓને મહત્તમ સજા અને દંડ કરવા અરજ છે.

**૨૬.** ઉભય પક્ષકારોની રજૂઆત ધ્યાને લીધી. કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લીધા. આ કામે આરોપીઓએ ભોગ બનનાર સાથે તેની એકલતાનો તથા નિ:સહાયપણાનો લાભ ઉઠાવી તેણીની મરજી વિરુદ્ધ અવાર-નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ છે.તેમજ આરોપીઓ ભોગ બનનાર કરતા ઘણી મોટી ઉંમરના છે. જે તમામ હકીકતો ધ્યાને લઇ આરોપીઓને યોગ્ય સજા કરવી ન્યાયીક જણાય છે.

**૨૭.** આરોપીઓને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## : આખરી હુકમ :

**૧.** પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ના આરોપી **જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા,** રે.વાવડી ફળીયુ, ગહવનગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને કાલાવડ ગ્રામ્ય પોલીસ

સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ના ગુન્હા સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ના **આરોપી જાલુ સ.ઓ. કનસીંગભાઇ ઉર્ફે ઇડલાભાઇ ભગડાભાઇ માવડીયા,** રે.વાવડી ફળીયુ, ગહવનગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન)ના ગુન્હા સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પોકસો કેસ નં.૪/૨૦૨૫ ના આરોપી **વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ** રે.મોહનીયા ફળીયુ, ગહવણગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ના ગુન્હા સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. પોકસો કેસ નં.૪/૨૦૨૫ ના આરોપી **વિમલા સ.ઓ. વેસ્તાભાઇ વાસકેલ** રે.મોહનીયા ફળીયુ, ગહવણગામ, તા.જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ નાઓને કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન

ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન)ના ગુન્હા સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૭ મુજબ આરોપીઓએ ઉપરોક્ત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

**૬.** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

**૭.** આ કામે પોકસો કેસ નં.૫૪/૨૦૨૩, ૪૭/૨૦૨૪ તથા ૪/૨૦૨૫ ના કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ અદાલતના હુકમ મુજબ નિકાલ કરવો.

**૮.** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ની જોગવાઇ અન્વયે આરોપીને આ ચુકાદાની નકલ વિનામૂલ્યે તાત્કાલિક આપવી.

**૯.** નામદાર ગુજરાત હાઇકોર્ટના સરકયુલર નં.A૧૨૫૫/૨૦૨૬, તા.૨૯/૪/૨૦૨૬ મુજબ આ ચુકાદાની એક નકલ સરકારી વકીલશ્રી મારફત પોલીસ એજન્સી દ્વારા ભોગ બનનારને વિના મૂલ્યે પૂરી પાડી, નકલ મળ્યા અંગેની પહોંચ કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૦.** ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીઓના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવું.

**૧૧.** ગુજરાતની ભોગ નનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમો તથા શેડ્યુલ અનુક્રમ નં. ૯ (૫) અનુસાર, આ કામના ભોગ બનનારને **રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પૂરા)** વળતર પેટે ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, જામનગરને આથી હુકમ કરવામાં આવે છે.

**૧૨.** ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમ–૧૦ અનુસાર ચુકાદાની એક ખરી નકલ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૫૬૨૩૦૧૮૪/૨૦૨૩ના તપાસ કરનાર અમલદાર તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરને જાણ સારુ તથા યોગ્ય તે કાર્યવાહી કરવા સારુ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**૧૩.** આ હુકમની એક–એક નકલ પોકસો કેસ નં.૪૭/૨૦૨૪ તથા ૪/૨૦૨૫ માં સામેલ રાખવી

આ હુકમ આજરોજ તા. ૧૯મી, માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને
અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539